


A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION

# NRG TIMES

CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY

પ્રકાશક : એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર | તા. સપ્ટેમ્બર ૧૫, ૨૦૨૧ • ભાદરવા સુદ ૯, સંવત ૨૦૭૭


Gujarat State Non-Resident Gujaratis' Foundation
(A Government of Gujarat Organization)



Shri Bhupendra Patel
Hon'ble Chief Minister
Gujarat State



Shri Dhananjay Dwivedi(I/C), IAS
Hon'ble Chairman, GSNRGF
Secretary (NRI),
Govt. of Gujarat



Shri Vikramsinh Jadav
Director
GSNRGF

## માન. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ગુજરાતના ૧૭મા મુખ્યમંત્રી બન્યા, મંત્રીમંડળની રચના ૧૬મી સપ્ટેમ્બરે



ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પદનામિત શ્રી ભુપેન્દ્ર પટેલને ૧૩મી સપ્ટેમ્બરે મુખ્યમંત્રીશ્રી તરીકેના હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. આ શપથવિધિ વેળાએ મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણ, હરિયાણાના મુખ્યમંત્રી શ્રી મનોહરલાલ ખટ્ટર, ગોવાના મુખ્યમંત્રી શ્રી પ્રમોદ સાવંત, કર્ણાટકના મુખ્યમંત્રી શ્રી બસવરાજ બોમ્મઈ, ભારત સરકારના ગૃહ અને સહકાર વિભાગના કેન્દ્રીય મંત્રી શ્રી અમિતભાઇ શાહ, કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગના કેન્દ્રીય મંત્રી શ્રી નરેન્દ્રસિંહ તોમર, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખ માંડવીયા, કોલસા-ખાણ અને સંસદીય કાર્ય વિભાગના કેન્દ્રીય મંત્રી શ્રી પ્રહલાદ જોષી, મત્સ્યપાલન-પશુપાલન અને ડેરી વિભાગના કેન્દ્રીય મંત્રી શ્રી પુરુષોત્તમ રુપાલા, કેન્દ્રીય આયુષ વિભાગના રાજ્યમંત્રી શ્રી મહેન્દ્ર મુંજપરા, રેલવે વિભાગના રાજ્યમંત્રી શ્રીમતી દર્શના જરદોશ, ભારતીય જનતા પક્ષના મહામંત્રીશ્રીઓ બી. એલ. સંતોષ, શ્રી અરુણ સિંહ, રાજ્ય અને રાષ્ટ્રના આદરણીય સંતો-મહંતો, ગણમાન્ય વરિષ્ઠ અગ્રણીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ તથા શુભેચ્છકો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. શપથગ્રહણ અગાઉ શ્રી ભૂપેન્દ્ર પટેલે પૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિન પટેલના નિવાસસ્થાને જઇને શુભેચ્છા મુલાકાત લીધી હતી. ૨૦૧૭માં ઘાટલોડિયા વિધાનસભા બેઠક પરથી પહેલીવાર ચૂંટણી જીતેલા શ્રી ભુપેન્દ્રભાઈ પટેલનું બાળપણ અમદાવાદના દરિયાપુર વિસ્તારની કડવાપોળમાં વીત્યું. ભૂપેન્દ્રભાઈ અગાઉ મેમનગર નગરપાલિકાના ચેરમેન રહ્યા હતા. ૨૦૧૦થી ૨૦૧૫ સુધી તેઓ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન રહ્યા હતા. ૨૦૧૫-૧૭ દરમિયાન તેઓએ ઔડાના ચેરમેનનો અતિ મહત્ત્વપૂર્ણ હોદ્દો પણ સંભાળ્યો હતો.

(Sources : https://cmogujarat.gov.in, www.divyabhaskar.co.in)

## દેશની ટોપ-૧૦૦ શિક્ષણ સંસ્થાઓમાં ગુજરાતની ૧૭ સામેલ

કેન્દ્રના શિક્ષણ મંત્રાલય દ્વારા જારી નેશનલ ઇન્સ્ટીટ્યુશનલ રેન્કિંગ ફ્રેમવર્ક (NIRF) રેન્કિંગ-૨૦૨૧માં એન્જિનિયરિંગ તથા મેનેજમેન્ટ સંસ્થાઓમાં આઇઆઇટી અને આઇઆઇએમનો દબદબો જારી રહ્યો હતો. ટોપ-૧૦ એન્જિનિયરિંગ કોલેજમાં પહેલા ૮ નંબરે માત્ર આઇઆઇટી છે. જ્યારે ટોપ-૧૦ મેનેજમેન્ટ સંસ્થાઓમાં પણ ૬ આઇઆઇએમ તથા ત્રણ આઇઆઇટી છે. શિક્ષણ મંત્રાલયે આ વખતે ૧૧ શ્રેણીઓમાં દેશની શિક્ષણ સંસ્થાઓને રેન્કિંગ આપી હતી. જેમાં પહેલીવાર રિસર્ચ સંસ્થાઓને પણ ઉમેરવામાં આવી છે. મેનેજમેન્ટમાં આઇઆઇએમ-અમદાવાદ ટોપ પર છે જ્યારે પીડીપીયુ-ગાંધીનગર ૬૮માં ક્રમે અને ઇરમા ૫૫માં ક્રમે છે. યુનિવર્સિટીમાં ગુજરાત યુનિ. ૪૩માં ક્રમે અને એમ.એસ.યુનિ. ૯૦માં ક્રમે, એન્જીનિયરીંગમાં આઇઆઇટી-ગાંધીનગર ૨૨માં ક્રમે છે. ફાર્મસીમાં નિરમા યુનિ. ૨૦માં ક્રમે, બીકે મોદી ફાર્મસી કોલેજ-રાજકોટ ૭૮માં ક્રમે અને એલએમ ફાર્મસી-અમદાવાદ ૪૭માં ક્રમે છે. આર્કિટેક્ટમાં સેપ્ટ-અમદાવાદ પાંચમા ક્રમે અને લૉ કેટેગરીમાં ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી છટ્ઠા ક્રમે છે.

(માહિતી : દિવ્ય ભાસ્કર, તા. ૧૦.૯.૨૦૨૧)


**Contact Address**

Gujarat State Non-Resident Gujaratis' Foundation
Block No. 16, 3rd Floor,
Udhyog Bhavan, Sector - 11,
Gandhinagar.

Phone : +91-79-23238278

E-mail : nrgfoundation@yahoo.co.in

www.facebook.com/GSNRGF



FOR PRIVATE CIRCULATION ONLY

NRG TIMES
A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION
CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY



Gujarat State Non-Resident Gujaratis' Foundation
(A Government of Gujarat Organization)

## અમેરિકામાં 'લેઉઆ પટેલ સમાજ ઓફ અમેરિકા'નું વાર્ષિક અધિવેશન યોજાયું



અમેરિકામાં વસતા સુરતના 'લેઉઆ પટેલ સમાજ ઓફ અમેરિકા'નું વાર્ષિક અધિવેશન ૧૩ અને ૧૪ ઓગસ્ટ ૨૦૨૧ના રોજ નેશવિલ ટેનેસીમાં યોજાયું હતું. લેઉઆ પટેલ સમાજે અમેરિકામાં હોટેલ ઈન્ડસ્ટ્રીમાં ઘણું યોગદાન આપ્યું છે તથા ઘણા લોકોને અમેરિકામાં રોજગાર પૂરો પાડી રહ્યા છે. આ અધિવેશનમાં ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતો અદભુત સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. ઉપરાંત જુદા જુદા વિષયો ઉપર ચર્ચાઓ કરવામાં આવી હતી ખાસ કરીને સામાજિક ઉન્નતિ, બે પેઢી વચ્ચેના પ્રશ્નોનું નિરાકરણ તથા આરોગ્ય જાળવણી અંગે કાર્યક્રમો યોજાયા હતા જેમાં ૫૪૫ જેટલા લોકોએ હાજરી આપી હતી. અધિવેશનના અતિથિ વિશેષ તરીકે ડૉ. પ્રદીપ કણસાગરા તથા ડૉ. કમલ પરીખ ઉપસ્થિત રહ્યા હતા. અધિવેશનમાં નવા આવનાર પ્રમુખ શ્રી નયન પટેલની પદગ્રહણ વિધિ થઇ હતી.

(Source : www.akilanews.com)

## ડૉ. યોગેશ જોશીને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સનું સન્માન



સાંઇસેવા-યુએસએ તથા સાંઇબાબા આરોગ્ય ટ્રસ્ટ ગોધરાના સ્થાપક અને ચેરમેન તેમજ વિવિધ સંસ્થાઓ સાથે જોડાયેલા સેવાભાવી ડૉ. યોગેશ જોશીએ કોરોનાકાળમાં કરેલી સેવાઓ બદલ લંડન સ્થિત વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સ દ્વારા તેમને સન્માનિત કરવામાં આવ્યા છે. ભારત સહિત સમગ્ર વિશ્વ જ્યારે કોરોનાની મહામારી સામે લડી રહ્યું હતું ત્યારે ડૉ. જોશી શક્ય તમામ પ્રકારની મદદ કરીને ક્યાંક ને ક્યાંક લોકોની જિંદગી બચાવી રહ્યા હતા. સેવા પરમો ધર્મના સૂત્રને સાર્થક કરી સમાજ પ્રત્યેની સેવા અને પ્રતિબદ્ધતા બદલ તેમને સન્માનપત્ર આપવામાં આવ્યું છે.

(Source : www.akilanews.com)

## સનીવેલના હ્યુમન રાઈટ્સ કમિશનમાં નરેન્દ્ર પાઠકની નિમણુંક



અમેરિકામાં સ્થાયી થયેલા મૂળ કરમસદના નરેન્દ્ર પાઠકની કેલિફોર્નિયાના સનીવેલના હ્યુમન રાઈટ્સ કમિશનમાં ચોથી વખત કમિશનર તરીકે સર્વાનુમતે બિનહરીફ નિમણુંક થઈ હતી. આ કમિશનની મુદત ૩૦ જુન ૨૦૨૫ સુધીની છે. પંદર સભ્યોનું કમિશન કોમ્યુનિટી ડેવલપમેન્ટ માટે સલાહસૂચન આપવાનું કામ કરશે. અમેરિકામાં અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા નરેન્દ્ર પાઠકની સેવાઓને ધ્યાને લઈને તેમને હ્યુમન રાઈટ્સ કમિશનમાં કમિશનર બનાવાયા છે. ઇન્ડિયન અમેરિકન નરેન્દ્ર પાઠકે ઇકોનોમિક્સમાં બીએની ડિગ્રી અને લેબર લૉ તથા ક્રિમીનલ લૉમાં ડિગ્રી મેળવેલી છે. તેઓ કોમ્યુનિટી ડેવલપમેન્ટ, એફોર્ડેબલ હાઉસ અને અન્ય મુદ્દાઓ પર બહારના ગ્રૂપને પણ સલાહ આપશે. આ કમિશન હ્યુમન સર્વિસ અંતર્ગત બિલો માર્કેટ રેટ હાઉસીંગ પ્રોગ્રામ, કોમ્યુનિટી ડેવલપમેન્ટ બ્લોક ગ્રાન્ટ વગેરે મુદ્દે કોઓર્ડિનેટ કરશે.

(Source : www.gujarat-samachar.com)

## કાશી ગુજરાત સમાજના વિવેક પારિખ અને નીરજ પારિખનું સન્માન







કાશી ગુજરાત સમાજ - વારાણસીના શ્રી વિવેક કૃષ્ણદાસ પારિખ અને શ્રી નીરજ રમણલાલ પારિખને કોરોના મહામારીના ભીષણ સમયમાં માનવજીવનની રક્ષા કાજે કોરોના પીડિતના પરિવારજનોની સેવા-સહાયતા દ્વારા આપેલ યોગદાનને બિરદાવતા અખિલ ભારતીય શ્રી વિશાનાગર વણિક સમાજ દ્વારા 'કોરોના યોદ્ધા અભિનંદન પત્ર' એનાયત કરવામાં આવ્યું હતું. સમાજ દ્વારા તેઓના આ નિસ્વાર્થ સેવાકાર્યને વંદનીય અને અભિનંદનીય કહેતા આ ઉત્કૃષ્ટ કાર્ય માટે તેઓને કોરોના સેનાની રૂપે સન્માનીત કરાયા હતા. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથજી દ્વારા પણ તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

## ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રીની આગેવાનીમાં પ્રતિનિધિમંડળની છત્તીસગઢ મુલાકાત



ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીની આગેવાનીમાં દસ ધારાસભ્યો સહિત ૧૫ સભ્યોનું પ્રતિનિધિમંડળ ૨૬ ઓગસ્ટે છત્તીસગઢની રાજધાની રાયપુર પહોંચ્યું. કેન્દ્ર સરકારની 'એક ભારત શ્રેષ્ઠ ભારત' યોજના હેઠળ રાજ્યની સમૃદ્ધ કલા અને સંસ્કૃતિ જોવા ૨૬થી ૩૦ ઓગસ્ટ દરમિયાન છત્તીસગઢની મુલાકાતે આવેલા આ પ્રતિનિધિમંડળનું રાજ્ય વિધાનસભાના અગ્ર સચિવ ચંદ્રશેખર ગેંગરેડ અને સચિવ દિનેશ શર્માએ સ્વાગત કર્યું હતું. ઓલ ઇન્ડિયા ગુજરાતી એસોસિએશને પણ શ્રી ત્રિવેદી સહિત ગુજરાતના નેતાઓનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે સાંસદ સુનિલ સોની, પૂર્વ ધારાસભ્ય દેવજીભાઈ પટેલ, સર્વ ગુજરાતી સમાજના પ્રદેશ પ્રમુખ પ્રિતેશ ગાંધી અને અન્ય મહાનુભાવો હાજર રહ્યા હતા. (Source : www.naidunia.com)

## USમાં વસતા ભારતીયો આવક અને શિક્ષણમાં અગ્રેસર

અમેરિકામાં તાજેતરમાં કરાયેલ વસતી ગણતરીના આંકડામાં જાણવા મળ્યું છે કે કોલેજ શિક્ષણ અને સંપત્તિની બાબતમાં ભારતીયોએ અમેરિકાની રાષ્ટ્રીય સરેરાશની સરખામણીમાં જોરદાર દેખાવ કર્યો છે. અમેરિકામાં વસતા ભારતીયોની સરેરાશ ઘરેલુ આવક ૧,૨૩,૭૦૦ ડોલર થઈ ગઈ છે, જેની સામે અમેરિકાની કુલ વસતીની સરેરાશ આવક ૬૩,૯૨૨ ડોલર છે. અમેરિકામાં વસતા ભારતીયો પૈકી ૭૯ ટકા કોલેજ ગ્રેજ્યુએટ છે. જ્યારે અમેરિકાની કુલ વસતીમાં આ સંખ્યા ૩૪ ટકા છે. (માહિતી : ગુજરાત સમાચાર, તા. ૨૬.૮.૨૦૨૧)

NRG TIMES
A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION
CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY



Gujarat State Non-Resident Gujaratis' Foundation
(A Government of Gujarat Organization)

## બિન-નિવાસી ગુજરાતીઓને પ્રતિષ્ઠાન સાથે જોડાવા આહવાન



અત્યાર સુધીમાં અનેક બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાઇ ચૂક્યા છે.

**આપ જોડાયા?**

જો આપ ન જોડાયા હોવ તો આજે જ આપનો ડેટાબેઝ (નામ અને સંપર્કની વિગતો) ઈ-મેઇલ (nrgfoundation@yahoo.co.in) દ્વારા, કુરિયર કે પોસ્ટ દ્વારા મોકલી ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાવા હાર્દિક આહવાન છે.

## બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પડતા એન.આર.જી. સેન્ટર



બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડવા ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાને ગુજરાતીભરમાં અમદાવાદ, આણંદ, સુરત, વડોદરા, રાજકોટ અને મહેસાણા જેવા મુખ્ય શહેરોમાં એન.આર.જી. સેન્ટર્સ સ્થાપ્યા છે જે બિન નિવાસી ગુજરાતીઓને સુવિધાઓ પુરી પડે છે.

આ સેન્ટર્સ નીચે પ્રમાણેની સુવિધાઓ પુરી પડે છે.


- પ્રવાસન માર્ગદર્શન
- નિવાસ માર્ગદર્શન
- તબીબી સેવાઓમાં માર્ગદર્શન
- વ્યાપાર તકો અંગે માર્ગદર્શન
- શૈક્ષણિક તકો અંગે માર્ગદર્શન
- વિદેશી ચલણ મેળવવા અંગે માર્ગદર્શન
- ખરીદી અંગે માર્ગદર્શન
- બિન નિવાસી ગુજરાતી ડિરેક્ટરીમાં મદદ
- ગુજરાત કાર્ડની અરજીઓ સ્વીકારવી

## ગુજરાત કાર્ડ: ઓનલાઈન મેળવો



બિન-નિવાસી ગુજરાતીઓની ગુજરાત મુલાકાત યાદગાર બનાવવા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા 'ગુજરાત કાર્ડ' એક આગવી ઓળખ આપવામાં આવે છે. વિદેશમાં વસતા તથા ભારતમાં ગુજરાત બહાર વસતા બિન-નિવાસી ગુજરાતીઓને રૂ.૨૨૫ અથવા ૫ (પાંચ) યુ.એસ. ડોલરની નજીવી કિંમતે ગુજરાત કાર્ડ આપવામાં આવે છે. આ કાર્ડ હવે પ્રતિષ્ઠાનની વેબસાઇટ www.nri.gujarat.gov.in પરથી ઓનલાઇન ફોર્મ ભરી સાથે જરૂરી દસ્તાવેજો જોડી તેમજ પેમેન્ટ ગેટ વે દ્વારા ઓનલાઇન ફી ભરી મેળવી શકાય છે.





# ગુજરાત બહાર વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાને સમાજ ભવનના નિર્માણ માટે ગુજરાત સરકાર દ્વારા આર્થિક સહાય

ગુજરાત સરકાર દેશવિદેશમાં રહેતા ગુજરાતીઓની હરહંમેશ પડખે છે. ગુજરાત બહાર અન્ય રાજ્યોમાં વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાઓને ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, તૈયાર મકાનની ખરીદી કે હયાત મકાનના વિસ્તરણ માટે આર્થિક સહાય આપવાની યોજના રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકાયેલી છે.

રાજ્ય સરકાર દ્વારા કરાયેલ ઠરાવની જોગવાઈઓ અનુસાર અન્ય રાજ્યમાં વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાઓને નિશ્ચિત શરતોને આધીન ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, ખરીદી કે વિસ્તરણ હેતુ માટે તથા મરામત, સમારકામ કે નવીનીકરણના ખર્ચ પેટે આર્થિક સહાય મંજૂર કરવા ઠરાવેલ છે. અગાઉ આ ઠરાવની જોગવાઇ અન્વયે સમાજ ભવનના બાંધકામ માટે સંભવિત ખર્ચના ૨૫ ટકા અથવા રૂપિયા ૨૨ લાખ બેમાંથી જે ઓછું હોય, તે મુજબ આર્થિક સહાય મંજૂર કરવામાં આવતી હતી.

તા, ૩૦-૮-૨૦૧૯ના ઠરાવથી આ જોગવાઇઓમાં સુધારો કરવામાં આવ્યો છે, જે મુજબ હવે સમાજ ભવનના બાંધકામ માટે વધુમાં વધુ ૪૦ લાખ રૂપિયા અથવા ખરેખર ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછી હોય તે રકમ સહાય તરીકે મંજૂર કરવાની અને મંજૂર થયેલ સહાય પૈકી બાંધકામ લિન્ટલ લેવલ સુધીનું થાય ત્યારે મંજૂર થયેલ સહાયની ૫૦ ટકા રકમ અને બાકીની ૫૦ ટકા રકમ બાંધકામનું કાર્ય પૂર્ણ થયા અંગેનું પ્રમાણપત્ર રજૂ કર્યા પછી ચૂકવવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

ગુજરાત સરકારે બિન નિવાસી ગુજરાતીઓ પ્રત્યે હંમેશા ઉદાર ભાવના દાખવી મહત્વના નિર્ણયો કર્યાં છે. અન્ય રાજ્યમાં આવેલ ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, તૈયાર મકાનની ખરીદી કે હયાત મકાનના વિસ્તરણ માટે સહાયની રકમમાં વધારો કરીને વધુમાં વધુ રૂ. ૪૦ લાખ અથવા ખરેખર થયેલ ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછુ હોય તેટલી રકમ તેમજ હયાત સમાજ ભવનના મરામત માટે સહાયની રકમમાં વધારો કરીને વધુમાં વધુ રૂ. ૧૦ લાખ અથવા ખરેખર થયેલ ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછુ હોય તેટલી રકમ ચૂકવવાનો નિર્ણય કરાયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારે અત્યાર સુધીમાં દેશના ૯ રાજ્યોમાં આવેલા ૨૨ ગુજરાતી સમાજોને સમાજ ભવનના નિર્માણ કે મરામત માટે અંદાજિત રૂ. ૧ કરોડ ૯૦ લાખની સહાય ચૂકવી છે. છેલ્લા ૨ વર્ષમાં છત્તીસગઢના ભિલાઈનગર ખાતેના ગુજરાતી સમાજ, આસામના ગૌહાતી ખાતેના ગુજરાતી સમાજ, આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ ખાતેના ગુજરાતી સમાજ અને ઓરિસ્સાના ભદ્રક ખાતેના ગુજરાતી સમાજ માટે આર્થિક સહાય મંજૂર કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ સહાય કેટલીક શરતોને આધિન આપવામાં આવે છે, જેવીકે:

- આ સમાજ ભવનનો ઉપયોગ મૂળ ગુજરાતની કોઈ પણ વ્યક્તિને નાત, જાત, ધર્મ કે અન્ય ભેદભાવ સિવાય કરવા દેવાનો રહેશે.
- ઉક્ત સમાજ ભવનનો ઉપયોગ સાંસ્કૃતિક, શૈક્ષણિક, સામાજિક, કલા વિષયક અને કલ્યાણકારી પ્રવૃતિઓ માટે જ કરવાનો રહેશે.
- સમાજ ભવનના બાંધકામનું કામ વધુમાં વધુ ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાનું રહેશે.
- સમાજ ભવનના બાંધકામનું કાર્ય પૂર્ણ થયે ખરેખર થયેલ ખર્ચની વિગતો રજૂ કરવાની રહેશે.
- આ સહાય મળી ગયા બાદ પણ સંસ્થાએ તેના વાર્ષિક હેવાલ નિયમિત રીતે ગુજરાત સરકારને મોકલવાના રહેશે.
- આ સંસ્થાનું વિસર્જન થાય ત્યારે તેના મકાનના યોગ્ય નિકાલ વખતે સંસ્થાએ ગુજરાત સરકારનો સંપર્ક સાધવાનો રહેશે અને ગુજરાત સરકારે આપેલ સહાયની રકમ વેચાણ કિંમતમાંથી પરત કરવાની રહેશે.

# ફાટસર ગણેશ મંદિર



આપણી સંસ્કૃતિમાં ગણેશજીનું ખૂબ મહાત્મય છે. દરેક શુભ કાર્યની શરૂઆત દુંદાળા દેવ ગણેશજીની પૂજાથી કરવામાં આવે છે. ભાદરવા સુદ ચોથથી ભાદરવા સુદ ચૌદસ સુધી તો દસ દિવસનો ગણેશોત્સવ મનાવવામાં આવે છે. આ દરમિયાન ભાવિકો ગણપતિ બાપાની મૂર્તિનું પોતાના ઘર કે સોસાયટીમાં સ્થાપન કરી પૂજા-અર્ચના કરે છે અને પછી તેમને ધામધૂમથી વિદાય આપી મૂર્તિનું વિસર્જન કરવામાં આવે છે. ભારતભરમાં લગભગ દરેક મંદિરમાં ગણેશજીની મૂર્તિ તો અચૂક હોય છે જ. એ સિવાય પણ માત્ર ગણેશજી જ બિરાજમાન હોય તેવા પણ ઘણા મંદિરો છે. ગુજરાતની વાત કરીએ તો ગણેશપુરા અને ઐઠોરના ગણેશ મંદિરો ખૂબ પ્રસિદ્ધ છે. આવું જ એક ખૂબ પ્રાચીન અને અનોખું ગણેશ મંદિર સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગરમાં આવેલું છે. સુરેન્દ્રનગરના જોરાવરનગરમાં આવેલું આ અનોખું મંદિર, જ્યાં ધરતી ફાડીને સરોવર તટે ગણેશજી પ્રગટ થયા હતા તે 'ફાટસર ગણેશ મંદિર'ના નામે પ્રસિદ્ધ છે.

આશરે હજાર વર્ષ પુરાણું આ ગણેશજીનું મંદિર લોકોની આસ્થાનું કેન્દ્ર છે. વર્ષો પહેલાં અહીં માત્ર ગણેશજીની નાની મૂર્તિ સાથેની દેરી હતી જ્યાં હાલમાં ભવ્ય મંદિર બંધાયેલ છે. આ મંદિર સાથે હજાર વર્ષ જૂનો ઇતિહાસ જોડાયેલો છે. આ જગ્યાએ અગાઉ એક તળાવ પણ હતું.

લોકવાયકા મુજબ ભાવનગર જિલ્લાના એક રહેવાસીને રાતે સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં તેને સુરેન્દ્રનગરના આ સ્થળની નિશાની દેખાઈ. તેણે આ વાત વઢવાણના તે સમયના ઠાકોર સાહેબને કરી. ઠાકોર સાહેબે સ્વપ્નમાં આવેલ નિશાન મુજબ ખોદકામ કરાવ્યું ત્યારે તેમને ગણેશજીની સુંદર મૂર્તિ મળી આવી. આ મૂર્તિ સાથે વાઘેશ્વરી માતાની પણ મૂર્તિ મળી આવી હતી જેને ઠાકોર સાહેબ પોતાની સાથે વઢવાણ લઈ ગયા અને વઢવાણમાં તેમનું મંદિર બનાવ્યું. જ્યારે ગણપતિની આ જગ્યાએ જ નાની દેરી બનાવી સ્થાપના કરવામાં આવી હતી.

ધરતી ખોદી ત્યારે જમીન ફાડીને નીકળેલા ગણેશજીની મૂર્તિ સરોવર પાસેથી મળી આવી તેથી આ સ્થળનું નામ ફાટસર પડ્યું અને મંદિરનું નામ પણ એજ રીતે ફાટસર ગણેશ પડ્યું હતું. એ સમયના ઠાકોર સાહેબે આ સ્થળની જમીન મંદિરને દાનમાં આપી દીધેલ અને આજે આ સ્થળ ૨૫ એકરના વિસ્તારમાં ફેલાયેલું છે. આ મંદિર આસપાસના ગામોમાં આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે. કહેવાય છે કે સમય જતાં સરોવરનું પાણી સૂકાતું ચાલ્યું અને ધીમે ધીમે લોકો અહીં વસવાટ કરવા લાગ્યા. ગણેશજી અહીં હાજરાહજૂર છે એવી લોકમાન્યતા આજે પણ પ્રવર્તમાન છે. તેથી જ અહીં લોકો દૂરદૂરથી ગણપતિ દાદાના દર્શને આવે છે અને તે તમામની મનોકામનાઓ ગણેશજી સાંભળે છે તેમજ તે પૂરી પણ થાય છે તેવું માનવામાં આવે છે. કેટલાક ભક્તો અહીં મનોકામના પૂર્ણ થયા બાદ ચાલતા પણ દર્શન કરવા આવવાનો મનોરથ કરતા હોય છે.

મંદિરના મહંતનું કહેવું છે કે આ એક તપોભૂમિ છે. ફાટસર મંદિરના નામનો બીજો અર્થ એ પણ કરી શકો કે અહીં દર્શન કરવા આવેલ દરેક ભક્તોની ઇચ્છા ફટાક દઈને પૂર્ણ થાય છે. અહીં દરરોજ મહાઆરતી થાય છે. આ મંદિરમાં સાધુસંતોને માટે આશ્રયની પણ વ્યવસ્થા થાય છે. અહીં મોચી સમાજના ભક્તો ભાઈબીજના દિવસે ખાસ દર્શન કરવા આવે છે. અહીં ગૌશાળા પણ બનાવવામાં આવી છે જ્યાં ૨૦૦ જેટલી ગાયોને સાચવવાની વ્યવસ્થા કરાયેલ છે. આ સ્થળનું કુદરતી સૌંદર્ય પણ અલૌકિક છે. અહીં જલારામ મંદિર પણ બાંધવામાં આવ્યું છે. સુરેન્દ્રનગર અને જોરાવરનગરની આસપાસના લોકો રજાના દિવસે ફાટસર ગણેશના દર્શને જરૂર આવે છે.

(Source : https://gujjurocks.in)



# માતૃ-પિતૃ તર્પણ ભૂમિ
# રફાળેશ્વર મહાદેવ




ભાદરવા મહિનાને પિતૃઓના મહિના તરીકે પણ ઓળખવામાં આવે છે કેમ કે આ મહિનામાં લોકો તેમના પિતૃઓના મોક્ષાર્થે ધાર્મિક વિધિ કરાવતા હોય છે. સમગ્ર ગુજરાતમાં જુદીજુદી ત્રણથી ચાર જગ્યાએ પિતૃશ્રાદ્ધની વિધિ કરાવવામાં આવે છે. જેમાં મોરબી જીલ્લામાં આવેલ રફાળેશ્વર મહાદેવ મંદિરનો પણ સમાવેશ થાય છે. આ પવિત્ર જગ્યામાં માતૃ તેમજ પિતૃ શ્રાદ્ધ કરાવવાથી સર્વ પિતૃઓને મોક્ષ મળે છે. જેથી ભાદરવા મહિનામાં લોકો ગુજરાતભરમાંથી શ્રાદ્ધ વિધિ કરાવવા માટે રફાળેશ્વર મહાદેવના મંદિરે આવે છે. મોરબીથી દસ કિલોમીટર અને વાંકાનેરથી અઢાર કિલોમીટર દૂર નેશનલ હાઇવેથી એક કિલોમીટરના અંતરે રફાળેશ્વર મહાદેવ મંદિર આવેલું છે.

મંદિરના મહંત અશોકભારથી ગોસ્વામી કહે છે કે, ગુજરાતમાં ત્રણ-ચાર સ્થળ એવા છે કે જ્યાં પિતૃતર્પણની વિધિ થાય છે. જેમાં પ્રભાસપાટણ પ્રાચીમાં પિતૃતર્પણ અને સિદ્ધપુરમાં માતૃતર્પણ થાય છે, ઉપરાંત ચણોદ અને પીંડારા ખાતે પણ તર્પણવિધિ થાય છે. જોકે, સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં એકમાત્ર રફાળેશ્વર મહાદેવનું મંદિર એવું છે કે જ્યાં માતૃ તેમજ પિતૃ તર્પણનું કાર્ય એકસાથે અને એક જ જગ્યાએ થાય છે. જેથી માત્ર ગુજરાત જ નહીં પરંતુ દેશના જુદાજુદા રાજ્યોમાંથી પણ લોકો પિતૃતર્પણના કાર્ય માટે રફાળેશ્વર મહાદેવના મંદિરે આવે છે અને અહીંની પવિત્ર ભૂમિ ઉપર ધાર્મિક વિધિ કરીને બ્રહ્મકુંડમાં સ્નાન કર્યા બાદ પારસ પિપળાને એક લોટો જળ ચઢાવીને પિતૃઓના મોક્ષની કામના સાથે ધન્યતાનો અનુભવ કરે છે. એવી માન્યતા છે કે આ મંદિરના પરિસરમાં આવેલ કુંડમાં ગંગાજી શ્રાવણી અમાસના દિવસે પ્રગટ થાય છે જેથી તે દિવસે કુંડમાં સ્નાન કરવાનું અનેરું મહત્વ છે.

અતિપ્રાચિન એવું આ રફાળેશ્વર મહાદેવ મંદિર પાંડવોના યુગથી છે અને સૌપ્રથમ પાંડવોએ તેમના પિતા પાંડુરાજાના મોક્ષાર્થે ભગવાન શ્રીકૃષ્ણની હાજરીમાં અહી પિતૃતર્પણની વિધિ કરી હતી. ત્યારથી રફાળેશ્વર મંદિરે પિતૃતર્પણની વિધિ કરવાની પ્રથા છે. આમ તો વર્ષભર અહીં પિતૃતર્પણ અને માતૃતર્પણની ધાર્મિક વિધિ કરવા માટે મોટી સંખ્યામાં લોકો આવતા હોય છે તેમજ નારણબલી, શ્રાદ્ધ વિધિ સહિતની ધાર્મિક વિધિ શ્રદ્ધાપૂર્વક કરતા હોય છે પરંતુ ભાદરવા મહિના ઉપરાંત ચૈત્ર અને કારતક મહિનામાં પિતૃતર્પણની વિધિ કરવાનું અનેરું મહાત્મય છે.

અગાઉ રફાળેશ્વર મહાદેવ મંદિરનો અનેક વખત જીર્ણોધ્ધાર થયો હતો પરંતુ છેલ્લો જીર્ણોદ્ધાર મંદિરના શિલાલેખ અનુસાર વિ. સં. ૨૦૦૨ (ઈ. સ. ૧૯૪૬)માં મહારાજા લખધીરસિંહજી ઠાકોર સાહેબે કરાવી મંદિર સંકુલમાં રફાળેશ્વર, હાટકેશ્વર, વાઘેશ્વર અને





ભીમનાથની પુનઃપ્રતિષ્ઠા અને શ્રી લખધીરેશ્વર, શ્રી ગદાધર, મહાકાળી તથા ભૈરવનાથની પ્રતિષ્ઠા પોતાના વરદ હસ્તે કરાવી હતી. રફાળેશ્વરનું મંદિર સ્વસ્તિકાકાર છે. મોરબીના ધર્મવત્સલ રાજા લખધીરસિંહજીએ તે સમયે એક લાખ રૂપિયાના ખર્ચે ભવ્ય અને વિશાળ મંદિર બંધાવ્યું હતું, જેનું બાંધકામ મજબુત હોવાના કારણે ભૂકંપમાં મંદિરની એકપણ કાંકરી ખરી નથી. હાલમાં ધાર્મિક વિધિ કરાવી શકાય તે માટે વિશાળ જગ્યા છે. બ્રાહ્મણો દર શ્રાવણ માસમાં અહી રોકાઈને જપ-તપ કરતા હોય છે.

એવું કહેવાય છે કે હાલમાં જ્યાં રફાળેશ્વર મહાદેવનું મંદિર છે ત્યાં વર્ષો પહેલા જંગલ હતું અને પાંડવો જ્યારે અજ્ઞાતવાસમાં હતા ત્યારે તેઓ અહીં આવ્યા હતા. રફાળેશ્વર મહાદેવ સ્વયંભૂ પ્રગટ થયા છે. પાંડવ કાળથી જે મંદિરના અસ્તિત્વના પુરાવાઓ મળી રહ્યા છે અને હાલમાં લોકો જેને રફાળેશ્વર મહાદેવ તરીકે જાણે છે ત્યાં રૈભ્ય નામના મુનિનો આશ્રમ હતો. શ્વેતધ્વજ મહારાજને એક રીપુફાલ નામનો દિકરો હતો. તેણે નાનપણમાં જ માતાપિતાની છત્રછાયા ગુમાવી હતી. ત્યાર બાદ તે ગાઢ વનમાં ફરતો હતો. આ દરમિયાન આ આશ્રમ પાસે તે પહોંચ્યો હતો અને રૈભ્ય મુનિના ઉપદેશથી રાજકુમાર રીપુફાલે મહાદેવને પ્રસન્ન કરવા માટે ત્યાં તપ કર્યું હતું. જેથી મહાદેવજી તેના પર પ્રસન્ન થયા હતા અને ત્યારથી રીપુફાલેશ્વર મહાદેવ તરીકે આ પ્રાચીન મંદિર પ્રસિદ્ધ છે. સમયાંતરે રીપુફાલેશ્વરનું અપભ્રંશ થઈ રફાળેશ્વર મહાદેવ તરીકે જાણીતું થયું.

એવું પણ કહેવામાં આવે છે કે, પાંડવોના ઇતિહાસ સાથે જોડાયેલ ઐતિહાસિક રફાળેશ્વર મંદિરના પટાંગણમાં જે પારસ પિપળો આવેલ છે તેના પ્રત્યેક પાન સતયુગમાં એક વખત સોનાના થઇ ગયા હતા. હાલમાં જે લોકો અહી પિતૃ કાર્ય કરવા માટે કે પછી દર્શન કરવા માટે આવે છે તે લોકો આ પવિત્ર પિપળાનો સ્પર્શ અચૂક કરે છે. જેથી તેમના ઘરમાં કાયમી લક્ષ્મીનો વાસ રહે છે. અહીં આવતા લોકો પીપળાને પાણી પણ ચઢાવે છે. ઉલ્લેખનીય છે કે, સતયુગમાં બ્રહ્મકુંડ, ત્રેતાયુગમાં અધમર્દન કુંડ, દ્વાપરયુગમાં કામદ કુંડ અને કલીયુગમાં રફાળેશ્વર મંદિરમાં આવેલા કુંડને દુર્ગતિનાશક કુંડ તરીકે ઓળખવામાં આવે છે.

રફાળેશ્વર મંદિરનું ઐતિહાસિક મહત્વ હોવાના કારણે ગુજરાત ઉપરાંત બહારથી પણ મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ અહીં શિવજીના દર્શન કરવા માટે આવતા હોય છે. અહીંના શાંત વાતાવરણમાં સમય પસાર કરીને શિવ સાથે જીવનું મિલન થયું હોય તેવો અનુભવ કરતા હોય છે. સામાન્ય રીતે શ્રાવણ માસ, કારતક માસ, ચૈત્ર માસ અને ભાદરવા માસમાં આ મંદિરે ભક્તોની ભીડ વધારે રહેતી હોય છે. દર વર્ષે ભાદરવા મહિનામાં દરરોજના ૩૦થી વધુ શ્રાદ્ધ વિધિના કાર્ય આ મંદિરના પટાંગણમાં કરવામાં આવતા હોય છે.

(Sources & Photo Courtesy : https://zeenews.india.com, https://gujarattouristguide.blogspot.com)





# ઐતિહાસિક બીલીમોરા-વઘઈ નેરોગેજ ટ્રેન ફરી શરૂ કરાઈ



સુરત, નવસારી, ડાંગ જિલ્લાને જોડતી ૧૧૪ વર્ષ જૂની બીલીમોરા-વઘઈ નેરોગેજ ટ્રેનને એક વર્ષ પછી સાંસદશ્રી સી. આર. પાટીલે લીલીઝંડી બતાવી ફરી પ્રારંભ કરાવ્યો હતો. પ્રથમ દિવસે ટ્રેનને રૂ. ૯૪૭૫ની આવક થઈ હતી. આ ટ્રેનમાં પહેલીવાર એસી ટૂરિસ્ટ કોચ જોડાયો છે. જનરલ કોચની ટિકિટ ટ્રેનમાં મળશે જ્યારે એસી કોચનું બુકિંગ PRS કાઉન્ટર અને IRCTCની વેબસાઇટ પર શરૂ થશે. વાર્ષિક ૧૧ કરોડની ખોટને લીધે ટ્રેન બંધ કરવાની જાહેરાત કરવામાં આવી હતી પણ લોકલાગણીને માન આપી ટ્રેન ફરી શરૂ થઈ છે. પ્રથમ દિવસે બીલીમોરાથી સમયસર ઉપડેલી ટ્રેનનું વચ્ચેના ૧૨ સ્ટેશનો પર ઠેર-ઠેર સ્વાગત થતા દોઢ કલાક મોડી વઘઈ પહોંચી હતી.




આ ટ્રેન સાથે સામાન્ય રીતે ચાર ડબ્બા જોડવામાં આવે છે જેમાં હવે એક વધારાનો એસી વિસ્ટા કોચ જોડવામાં આવ્યો છે. આ કોચની વિશેષતા જોઈએ તો કોચમાં ચાર ટનનું એસી ફિટ કરાયું છે. આ વિસ્તારના આદિવાસીઓની ઓળખસમી વારલી પેઇન્ટિંગથી કોચ શણગારાયો છે. કોચમાં નાસ્તાના ટેબલ ધરાવતી ૧૫ સીટ છે જેમાં એટેન્ડન્ટને બોલાવવા કોલબેલની વ્યવસ્થા કરાઇ છે. આ કોચનું ૭ દિવસ પહેલાં બુકિંગ કરાવવું પડશે.

વડોદરા સ્ટેટના મહારાજા સયાજીરાવ ગાયકવાડે ઇ.સ.૧૮૯૨માં બીલીમોરા-વઘઈ નેરોગેજ રેલવે લાઈન નાંખીને આ ટ્રેન શરૂ કરાવી હતી. ગાયકવાડનો મુખ્ય ઉદ્દેશ એ હતો કે, આ ટ્રેનના માધ્યમથી ગરીબ આદિવાસી પ્રજા શહેરી વિસ્તારો સાથે સંપર્કમાં આવે, રીત-રિવાજો જાણે તથા નાના મોટા કામધંધા કરી શકે. વરસો પૂર્વે રસ્તાઓની સુવિધા ઓછી હતી ત્યારે આ નેરોગેજ ગાડીમાં ઇમારતી લાકડા તેમજ નળીયાંની આવ-જા થતી હતી. બીલીમોરા બંદર સુધી આ રેલવે લાઇન હતી તેથી બંદર ઉપર ઉતારી વહાણ મારફત બહાર મોકલાતા હતા. આઝાદી પહેલાં તે GBSR (ગાયકવાડી બરોડા સ્ટેટ રેલવે) હેઠળ આવતી હતી, જ્યારે બાદમાં તેને પશ્ચિમ રેલવેમાં સમાવી લેવાઇ હતી. ૧૯૭૦માં કાળાઆંબા-ડુંગરડા વચ્ચેના પુલ ઉપર ટ્રેન સાથે 'આપ આયે બહાર આયી' ફિલ્મનું શુટીંગ થયું હતું. એન્જિન તથા ચાર ડબ્બાની આ સરાગાડીમાં મુસાફરી કરવાનો આનંદ જ કંઇ ઓર છે.

આ રેલવે વાંસદા તાલુકાના સરા ગામમાંથી પસાર થતી હોઇ સરા લાઇન તરીકે ઓળખાય છે. બીલીમોરાથી શરૂ થતી આ રેલવે ગણદેવી રોડ, ચિખલી રોડ, રાનકુવા, ધોળીકુવા, અનાવલ, ઉનાઇ અને વાંસદા રોડ, સરા અને કેવડી રોડ, કાળાઆંબા, ડુંગરડા સ્ટેશને થઈ વઘઇ પહોંચે છે. બીલીમોરા-વઘઇ નેરોગેજ રેલવે લાઇનની શરુઆત ગાયકવાડી રાજ વખતે થઇ પછી તેનો વિકાસ ખાસ થયો નથી. દક્ષિણ ગુજરાતની આ એકમાત્ર નેરોગેજ રેલવે લાઇન ખોટમાં ચાલતી હોવા છતાં આદિવાસી વિસ્તારના લોકોની સુવિધા માટે ચાલુ રાખવામાં આવી છે.

આ રેલવે લાઇનના માર્ગે વરસો જુનું પ્રખ્યાત યાત્રાધામ ઉનાઇ, મોક્ષમાર્ગીઓનું પરમધામ, શુકલેશ્વર મહાદેવ,અનાવલ, વાંસદા રાષ્ટ્રીય વન અભયારણ્ય, જાનકી વન, તોરણિયો ડુંગર, ઘુસ્માઇ માતા મંદિર, પદમડુંગરી, વઘઈ વનસ્પતિ ઉદ્યાન, ગીરાધોધ જોવા લાયક સ્થળો પર આ ગાડી દ્વારા જઇ શકાય છે. શ્રાવણ માસના સોમવારે બીલીમોરામાં સોમનાથ મંદિરે મેળો ભરાય છે ત્યારે આ ગાડીમાં મુસાફરોની ભારે ભીડ રહે છે. ડાંગ જિલ્લાના આહવા ખાતે હોળી-ધુળેટી દરમિયાન યોજતો ડાંગ દરબાર ઉત્સવ જોવા પણ આ ગાડીનો ઉપયોગ લોકો કરે છે.

(Sources : www.divyabhaskar.co.in, https://gu.wikipedia.org)

# શામળાજી સંગ્રહાલય



સંગ્રહાલય એ જીવંત મહાશાળા છે. તેના સંગ્રહ દ્વારા તે મુલાકાતીઓને જ્ઞાન સાથે ગમ્મત પુરી પાડે છે. સંગ્રહાલયો એ મુલાકાતીઓ માટે નોન-ફોર્મલ શિક્ષણના કેન્દ્રો છે. તેમાં સચવાયેલા વિશ્વની જુદી જુદી સંસ્કૃતિઓનું નિરૂપણ કરતા નમૂનાઓ તથા પ્રાકૃતિક ઇતિહાસનું જ્ઞાન આપતા નમૂનાઓનું દર્શન કરવા પ્રતિવર્ષ લાખોની સંખ્યામાં દેશવિદેશના અબાલવૃધ્ધ મુલાકાતીઓ ગુજરાત રાજ્યના મ્યુઝિયમોમાં પધારે છે. જુદી જુદી શાળા/કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થી ભાઇબહેનો અને શિક્ષકો પણ મોટી સંખ્યામાં આ સંગ્રહાલયો જોવાનો લાભ મેળવે છે.

આવું જ એક સંગ્રહાલય શામળાજી ખાતે આવેલું છે. અમદાવાદથી ૧૨૫ કિ.મી. દૂર નેશનલ હાઈવે નં. ૮ ઉપર ભીલોડાથી ૨૫ કિ.મી. અને મોડાસાથી ૨૯ કિ.મી. દૂર શામળાજીનું પ્રખ્યાત તીર્થસ્થળ આવેલું છે. અરવલ્લી ગિરિમાળા અને ખીણપ્રદેશની વચ્ચે આવેલું આ સ્થળ સાબરકાંઠા જિલ્લાના ભીલોડા તાલુકામાં આવેલું છે. અદભુત કોતરણી ધરાવતા આ શામળાજી મંદિરની બાજુમાં જ શામળાજી સંગ્રહાલય આવેલું છે.

મેશ્વો નદીને કાંઠે આવેલા આ સ્થળ માટે એવું કહેવાય છે કે બ્રહ્માજી પૃથ્વી ઉપર તીર્થસ્થળ માટે યોગ્ય જગ્યા શોધવા નીકળ્યા ત્યારે ઘણી જગ્યાઓ ફર્યા પછી આ સ્થળ તેમને ખૂબ જ ગમી ગયું. અહીં બ્રહ્માજીએ વર્ષો સુધી તપ કર્યું, જેનાથી શિવજી પ્રભાવિત થયા અને યજ્ઞ કરવા કહ્યું. યજ્ઞ કરતાં પહેલાં ભગવાન વિષ્ણુએ શામળાજીનું રૂપ ધારણ કર્યું અને કાયમી આ જગ્યાએ સ્થાપિત થઈ ગયા.

ગુજરાત સરકારના સંગ્રહાલય ખાતા દ્વારા સંચાલિત આ સંગ્રહસ્થાનની સ્થાપના ૧૯૯૨માં થઈ છે. મેશ્વો નદીને કાંઠે દેવની મોરી ગામ પાસે વર્ષ ૧૯૫૦-૬૦માં ઉત્ખનન કરતાં ૬૦ હજાર વર્ષ પૂર્વેનાં પાષાણયુગનાં ઓજારો મળી આવ્યાં. તેની સાથે ખેડબ્રહ્માનાં પોશીના, બાયડ તથા પાટણ, ખેડચાંદરણી અને બનાસકાંઠા-મહેસાણા જિલ્લાના પ્રાચીન નમૂનાઓ પણ અહીં પ્રદર્શિત કરવામાં આવ્યા છે.

અહીં સંગ્રહિત નમૂનાઓને કુલ ચાર વિભાગોમાં વહેંચીને પ્રદર્શિત કરવામાં આવ્યા છેઃ (૧) હિન્દુ ગેલેરી (૨) જૈન ગેલેરી (૩) નૃવંશશાસ્ત્ર વિભાગ (૪) દેવની મોરી વિભાગ.

હિન્દુ ગેલેરીમાં ચોથી, પાંચમી, સાતમી, આઠમી, બારમી, તેરમી, સત્તરમી અને અઢારમી સદીમાં બનેલી દેવોની મૂર્તિઓ છે. સાતમી સદીની ખાપા ગામમાંથી (બનાસકાંઠા જિલ્લો) મળેલી શેષશાયી વિષ્ણુની મૂર્તિ અને શામળાજીમાંથી પ્રાપ્ત યક્ષની ચોથી સદીની મૂર્તિ પ્રદર્શિત છે. આ ઉપરાંત શામળાજીમાંથી મળેલી વિષ્ણુની બારમી-તેરમી સદીની પ્રતિમા, કુબેરની આઠમી સદીની મૂર્તિ તથા કાર્તિકેયની ચોથી સદીની મૂર્તિ હિન્દુ ગેલેરીમાં પ્રદર્શિત કરેલી છે.

જૈન ગેલેરી વિભાગમાં વૃષભદેવ, પાર્શ્વનાથ, નેમીનાથ, કુન્થુનાથ જેવા તીર્થંકરો તથા વડાલીમાંથી મળેલા ચંદ્રપ્રભુ, રાજવી, વાસુપૂજ્ય, શ્રીવત્સ વગેરે મૂર્તિઓનો સમાવેશ થાય છે.

નૃવંશશાસ્ત્ર વિભાગમાં સાબરકાંઠા જિલ્લાના પોશીના વિસ્તારના આદિવાસી લોકોનાં ચાંદીનાં, લાખનાં તથા મોતીનાં હાથ, પગ, કમર, ડોક અને માથામાં પહેરવાનાં પરંપરાગત ઘરેણાંઓના નમૂનાઓ છે. વળી કેટલાંક વાદ્યો તથા સાધનો ઉપરાંત તીરકામઠાં, દળવાની ઘંટીઓ પણ પ્રદર્શિત કરેલાં છે.

શામળાજીથી બે કિ.મી. દૂર આવેલા દેવની મોરીમાં ઉત્ખનનમાંથી પ્રાપ્ત નમૂનાઓ દેવની મોરી વિભાગમાં પ્રદર્શિત કરવામાં આવેલા છે. આ ઉપરાંત તેને લગતાં ચિત્રો કે મોડેલો બનાવીને પણ મૂકવામાં આવ્યાં છે. અહીં બુદ્ધની ધ્યાનમુદ્રાની મૂર્તિ, બુદ્ધના અવશેષોમાં બ્રાહ્મી લિપિમાં લખેલા દાબડાઓ ઉપરાંત અસલ સોનાના નમૂનાઓ, ચાંદી, તાંબાના સિક્કાઓ તથા જસત અને સીસાના નમૂનાઓ પણ પ્રદર્શિત કરવામાં આવ્યા છે.

આ સંગ્રહાલય કલાના ઐતિહાસિક મહત્ત્વની દૃષ્ટિએ કેટલાક અતિમૂલ્યવાન નમૂના, પથ્થરનાં શિલ્પો, પાષાણયુગના નમૂનાઓ, પ્રાચીન માટીના નમૂનાઓનો સંગ્રહ ધરાવે છે. આદિવાસી પ્રજાની સંસ્કૃતિની ઝાંખી પણ પ્રાપ્ત થાય છે. આ સંગ્રહાલય સાબરકાંઠા તથા બનાસકાંઠા વિસ્તારની પુરાવસ્તુકીય, ઐતિહાસિક, સામાજિક તેમ જ સાંસ્કૃતિક ક્ષેત્રની માહિતી આપતું શિક્ષાકેન્દ્ર બની રહ્યું છે.

(Sources : https://gujarattimesusa.com, https://archaeologymuseum.gujarat.gov.in)



